**આંકઃ–૧૦**

**અમદાવાદની મજુર અદાલત નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી પી.વી.ધીમર સમક્ષ**

**રેફરન્સ કેસ નં.૧૨૯/૨૦૧૬**

**પ્રથમ પક્ષકાર :–** ૧. **વી.એમ.સી.સીસ્ટમ લીમીટેડ**
પ્લોટ નં.૨૩–એ, સર્વે નં.૧,
કાંચુ ઈમારત હાર્ડવેર પાર્ક, શ્રી સાંઈલમ રોડ,
ઈન્ટર મેશન એરપોર્ટ, રવીયાલા વિલેજ,
આર.આર.ડીસ્ટ્રીકટ, હૈદ્રાબાદ.

૨. **બી.એસ.એન.એલ.કોમ**
બી.એસ.એન.એલ.ભવન,
૭મો માળ, નવરંગપુરા, અમદાવાદ.

**વિરુઘ્ઘ**

**બીજા પક્ષકાર :–** **પ્રવીણભાઈ મીસ્ત્રી ઉ.વ.૫૦**
સી/૫૦૨, નારણપુરા રેસીડેન્સી, વિરાટનગર, કેનાલ રોડ,
નિકોલ ગામ રોડ, નિકોલ, અમદાવાદ.

**વિષય** :– આઈ.ડી.એકટ, ૧૯૪૭ ની કલમ–૧૦(૧)સી અન્વયેનો રેફરન્સ.

**હાજર રહયા** :– પ્રથમ પક્ષકાર તરફે : વિ. વ. શ્રી
બીજા પક્ષકાર તરફે : પ્રતિનિધી શ્રી સી.આર.ચૌધરી

**<u>–: એ વો ર્ડ :–</u>**

**(૧)** આ કામે બીજા પક્ષકારની આઈ.ડી.આર. ફરીયાદ નં.૨૪૮/૧૫ તા.૨૧/૦૯/૧૫ અનુસંધાને સમાધાન અધિકારીશ્રી અને મદદનીશ શ્રમ આયુકત અમદાવાદનાએ પક્ષકારો વચ્ચે સમાધાન શકય બનેલ ન હોય ઔદ્યોગિક વિવાદ (સુધારો) અધિનિયમની કલમ–૩ અન્વયે વિવાદ બાબત સીધી મજુર અદાલત સમક્ષ અરજદારને અરજી કરવા સમાધાન અધિકારી અને મદદનીશ શ્રમ આયુકતના પત્ર ક્રમાંકઃ ના.શ્ર.આ./અવિ/વિભાગ–૧/આઈડીઆર નં.૨૪૮/ ૨૦૧૫/૩૬૧૬૭. તા.૨૧/૧૨/૨૦૧૫ થી પત્રથી જાણ કરેલ જાણ કરતા અરજદારે હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ છે.

**(૨)** આ કામના બીજા પક્ષકાર (કે જે હવે પછી અરજદાર તરીકે) તથા પ્રથમ પક્ષકારો (કે જેને હવે પછી સામાવાળા તરીકે) સંબોધવામાં આવેલ છે.

**(૩)** સદરહુ કામે પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરતા પક્ષકારો હાજર થયેલ છે, સદરહુ કામે અરજદાર તરફે આંક–૧ થી માંગણાનુ નિવેદન રજુ કરેલ છે જયારે સામાવાળા પક્ષને પુરતી તક આપવા છતાં લેખીત જવાબ રજુ ન કરતાં અરજદારની આંક–૮ ની અરજી અનુસંધાને સામાવાળાનો લેખીત જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે અને કામ અરજદારના પુરાવા માટે તા.૨૫/૧૦/૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ હતું.

**(૪)** તા.૨૫/૧૦/૨૦૧૮ થી તા.૧૯/૦૪/૨૦૨૨ સુધી એટલે કે અંદાજે ૩ વર્ષ ૬ માસ સુધી અરજદારે પુરાવો ન આપતાં તેમનાં પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ અરજદારને તેમની અરજીમાં કોઈપણ પ્રકારનો રસ હોય તેવુ જણાઈ આવતુ નથી કારણ કે જો તેઓને રસ હોત આ સમયગાળામાં હાજર રહીને ચોકકસ પુરાવો રજુ કરી શકયા હોય જે કરેલો નથી. અરજદાર પક્ષને વ્યાજબી કરતાં પણ વધારે મુદત પુરાવો રજુ કરવા માટે આપવામાં આવેલી છે આમ છતાં પુરાવો રજુ કરવામાં અરજદાર પક્ષ ધરાર નિષ્ફળ રહેલ છે.

**(૫)** વધુમાં આ કામે અરજદાર પક્ષે પુરાવો રજુ કરેલ નથી કે કોઈ રીપોર્ટ કે કોઈ રજુઆત પણ કરેલ નથી. અરજદાર પક્ષ પોતાના કેસ પરત્વે અરૂચી અને સુગ તથા બેદરકારી દાખવવામાં આવેલ છે જેથી પણ અરજદારનું તેના કેસમાં રસ કે રૂચી હોય તેમ જણાય આવતુ નથી.

**(૬)** આમ, ઉપરોકત બાબતો ધ્યાને લેતા અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે અને રોજ કામમાં પણ તેની નોંધ કરવામાં આવેલ છે. વધુમાં જયારે અરજદાર પક્ષનોજ પુરાવો આવ્યો ન હોય તો તેવા સમયે સામાવાળાનો પુરાવો નોંધવાથી કે ન નોંધવાથી કેસના પરિણામને કોઈજ અસર થાય તેમ નથી આમ છતાં સામાવાળાના પુરાવા માટે કેસ તબકકાવાર રાખવામાં આવેલ છે છતાં સામાવાળા પક્ષે પુરાવો રજુ ન થતાં સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. બાદમાં કામ દલીલો માટે લેવામાં આવેલ પરંતુ બંને પક્ષે કોઈ દલીલો ન થતાં રીપોર્ટ કે રજુઆત ન આવતાં બંને પક્ષોનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે અને કામ હુકમ માટે લવામાં આવેલ છે.

**(૭)** આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં અરજદાર પક્ષની કેસ પરત્વેની અરૂચી, નિરસતા, બેદરકારી ધ્યાને લેતા અરજદારનો કેસ નામંજુર કરવા પાત્ર જણાતો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

–: **હુ ક મ** :–

(૧) હાલનો રેફરન્સ (ટી) કેસ બીજા પક્ષકારની કેસ પરત્વેની અરૂચી, નિરસતા અને બેદરકારીના કારણે નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) રેફરન્સ કેસના સંજોગો જોતાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) એવોર્ડ પ્રસિધ્ધ થયેથી રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ– અમદાવાદ.
તા. ૨૫/૦૮/૨૦૨૩

**પ્રદીપકુમાર વસંતલાલ ધીમર**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત નં.૫, અમદાવાદ**
JUDGE CODE:GJ01488.